શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ છઠ શુક્રવાર ૨૨ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડનો PoKમાં ખાતમો

**પીઓકેના** મુઝફ્ફરાબાદમાં અજાણ્યા હુમલાખોરો મારીને ભાગી ગયા

**નવી દિલ્હી, તા. 21 :** વર્ષ ૨૦૧૯માં સીઆરપીએફના કાફલા પર થયેલા પુલવામા આતંકવાદી હુમલાના મુખ્ય માસ્ટરમાઈન્ડ અને ઘોષિત આતંકવાદી અર્જુમંદ ગુલઝાર ઉર્ફે બુરહાન હમઝાની પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(PoK)માં અજ્ઞાત બંદૂકધારીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, તેમ ગુરુવારે અહીં અધિકારીઓએ જણાવ્યું હતું.

પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા મંજૂર કરાયેલી ચુસ્ત સુરક્ષા વચ્ચે સક્રિય હમઝા પર મુઝફ્ફરાબાદમાં ઓચિંતો હુમલો કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ઈસ્લામાબાદથી આશરે ૧૩૫ કિમી દૂર મુઝફ્ફરાબાદના ગોઝરામાં એક ખાનગી કોલેજના પ્રિન્સિપાલ તરીકે કામ કરતો બુરહાન ગુરુવારે સવારે જ્યારે પોતાની કોલેજમાંથી બહાર આવ્યો ત્યારે તેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, હુમલાખોરોએ નજીકથી તેના પર અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

પોલીસે પત્રકારોને જણાવ્યું હતું કે, “પ્રિન્સિપાલને માથાના ભાગે ત્રણ ગોળીઓ વાગી હતી. તેને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો.” અધિકારીઓએ જણાવ્યું કે, તે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેને એરલિફ્ટ કરીને રાવલપિંડીની કમ્બાઈન્ડ મિલિટરી

...અનુસંધાન પાના 15 પર



### તે શિક્ષક તરીકે છૂપા નામ સાથે રહેતો હતો

બુરહાન ઉર્ફે અર્જુમંદ ગુલઝાર ડાર ઉર્ફે ડોક્ટર, જે આતંકી સંગઠન અલ બદરનો કમાન્ડર હતો, તેને જમ્મુ-કાશ્મીરમાં શ્રેણીબદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવા બદલ ભારત સરકાર દ્વારા એપ્રિલ ૨૦૨૨માં આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. પુલવામા હુમલા બાદ તે પીઓકેમાં શિક્ષક તરીકે છૂપા નામે રહેતો હતો.



**કુદરતનો કહેરઃ** તુર્કીના હાતાયમાં ભારે વરસાદ બાદ ભૂસ્ખલન થતાં અનેક કાર કાટમાળમાં ધરબાઈ હતી.

## બેંગલુરુ એરપોર્ટ પર એર ઈન્ડિયાના વિમાનનું જોખમી લેન્ડિંગ

**રનવે** પર પૂંછડી અથડાતાં ભારે દોડધામ તમામ ૧૮૧ મુસાફરો સુરક્ષિત

**નવી દિલ્હી, તા. 21 (PTI).** ૧૮૧ મુસાફરો સાથેના એર ઈન્ડિયાના એક વિમાનને ગુરુવારે સવારે બેંગલુરુ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ટેઈલ સ્ટ્રાઈક (પૂંછડી અથડાવાની ઘટના) નડી હતી અને વિમાનને વિગતવાર તપાસ માટે ગ્રાઉન્ડ કરવામાં આવ્યું છે. એરલાઈનનું નેરો-બોડી એ321 વિમાન દિલ્હીથી બેંગલુરુની ફ્લાઈટ એઆઈ2651 ઓપરેટ કરી રહ્યું હતું.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, “વિમાનને લેન્ડિંગ દરમિયાન વિમાનનો પાછળનો ભાગ જમીન સાથે ટકરાઈ ગયો હતો. વિમાન

...અનુસંધાન પાના 15 પર

## રૂપિયાનો એક વર્ષનો વાયદાનો ભાવ ૧૦૦ને સ્પર્શ્યો

**રૂપિયો** તેની સર્વકાલીન નીચી બંધ સપાટી પરથી ૫૦ પૈસા સુધરીને ૯૬.૩૬ પર બંધ રહ્યો



**મુંબઈ, તા. 21 (PTI):** ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો ઘટાડો, ભૂરાજકીય તણાવ હળવો થવાના સંકેતો અને મધ્યસ્થ બેંક(આરબીઆઈ)ના હસ્તક્ષેપને કારણે ગુરુવારે રૂપિયો તેની સૌથી નીચી બંધ સપાટી પરથી ૫૦ પૈસા રિકવર થઈને અમેરિકી ડોલર સામે ૯૬.૩૬ પર બંધ રહ્યો હતો. જો કે એક વર્ષના વાયદા માટેનો તેનો ભાવ ૧૦૦ની અગત્યની સપાટીને સ્પર્શી ગયો હતો.

ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, તાજેતરના ભૌગોલિક રાજકીય ઘટનાક્રમો બાદ રૂપિયામાં સુધારો જોવા મળ્યો છે, પરંતુ રોકાણકારો હજી પણ બેકગ્રાઉન્ડમાં જીઓપોલિટિકલ જોખમ અને ઓઈલના ભાવની સંવેદનશીલતાનું આકલન કરી રહ્યા છે. ટ્રેડર્સે જણાવ્યું હતું કે બુધવારે રૂપિયાનો વન-યેર ફોરવર્ડ માર્કેટ રેટ (એક વર્ષનો વાયદા ભાવ) ૧૦૦/USDની મહત્વપૂર્ણ સપાટીને સ્પર્શી ગયો હતો, જે દર્શાવે છે કે કરન્સી માર્કેટ્સ આગામી ૧૨ મહિનામાં USD/INR જોડીમાં નબળાઈના વલણને ગણતરીમાં લઈ રહ્યા છે.

ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ડોલર સામે ૯૬.૨૫ પર ખૂલ્યો હતો, ત્યારબાદ ઈન્ટ્રા-ડે ટ્રેડિંગ દરમિયાન તે ૯૬.૦૫ ની ઊંચી અને ૯૬.૬૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ગુરુવારના ટ્રેડિંગ સેશનના અંતે, રૂપિયો તેના અગાઉના બંધ ભાવથી ૫૦ પૈસા વધીને ૯૬.૩૬ પર ક્વોટ થયો હતો. બુધવારે રૂપિયો ૯૬.૯૫ ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો અને બાદમાં ૯૬.૮૬ પર બંધ રહ્યો હતો, જે એક નવો રેકોર્ડબ્રેક નીચો બંધ ભાવ હતો. દરમિયાન, અન્ય છ મુખ્ય ચલણોની બાસ્કેટ સામે ગ્રીનબેક (ડોલર)ની મજબૂતાઈ દર્શાવતો ડોલર ઈન્ડેક્સ ૦.૨૨ ટકા વધીને ૯૯.૩૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ વાયદા બજારમાં ૦.૭૫ ટકા ઘટીને ૧૦૪.૨૩ યુએસ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું.

## દિલ્હી ડાયરી



### ઈંધણના ભાવમાં વધારો તોળાતો હોવાના સંકેત

સરકારી માલિકીની ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) જેવી કે ઇન્ડિયન ઓઇલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ, પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ પર દર મહિને આશરે 130,000 કરોડની અંડર-રિકવરી (છૂટક વેચાણ કિંમત અને આયાત કિંમત વચ્ચેનો તફાવત એટલે કે નુકસાન) ભોગવી રહી હોવાનો અંદાજ વરિષ્ઠ સરકારી અધિકારીઓએ વ્યક્ત કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયાના સંકટને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હોવા છતાં આ કંપનીઓએ ઇંધણના છૂટક ભાવો સ્થિર રાખ્યા હોવાથી તેઓ ભારે નાણાકીય દબાણનો સામનો કરી રહી છે. આ ત્રણ મુખ્ય ઇંધણ ઉત્પાદનો ઉપરાંત, ઓઇલ કંપનીઓને સ્થાનિક ફ્લાઇટ્સ માટે વપરાતા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) એટલે કે જેટ ફ્યુઅલના વેચાણ પર પણ નુકસાન થઈ રહ્યું છે. જેટ ફ્યુઅલના વેચાણ પર અંદાજે કેટલું નુકસાન થઈ રહ્યું છે તે અંગે સરકારે તાત્કાલિક કોઈ ખુલાસો કર્યો નથી. બજાર કિંમત કરતાં ઓછી કિંમતે પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ વેચવાને કારણે ઓઇલ કંપનીઓને થનારા આ નુકસાનની ભરપાઇ કરવાની સરકારની કોઈ યોજના નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સતત વધી રહેલી આ ખોટ

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૧-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૪૦.૪° સે. | ૨૯.૦° સે. | ૨૫% |

**સ્થાપનાના માત્ર ૫ જ દિવસમાં CJPના ૧.૫૬ કરોડ ફોલોઅર્સ; ઇન્સ્ટાગ્રામ પર સર્જાયો નવો ઇતિહાસ, નેટીઝન્સ પણ ચોંકી ગયા**

# સોશિયલ મીડિયા પર ‘કોકરોચ જનતા પાર્ટી’નો સપાટો

**ભાજપના** ૮૭ લાખ તો કોંગ્રેસના ૧.૩૩ કરોડ; પણ ‘CJP’એ વટાવ્યો ૧.૫૬ કરોડનો આંકડો!

**‘કોકરોચ** ઈઝ બેક’ ની એક પોસ્ટથી સોશિયલ મીડિયા પર ખળભળાટ; ભારતના રાજકીય ડિજિટલ સ્પેસમાં અત્યાર સુધીનો સૌથી ઝડપી ગ્રોથ

**સીજેપીના** ઇન્સ્ટાગ્રામ પેજના ૧.૫૬ કરોડ ફોલોઅર્સ!: પાંચ જ દિવસમાં ૧ કરોડનો આંકડો પાર

**નવી દિલ્હી, તા. 21.** જે એક વ્યંગ્યાત્મક અભિયાન તરીકે શરૂ થયું હતું તે હવે ઓનલાઈન જંગમાં ભારતના સૌથી શક્તિશાળી રાજકીય પક્ષોને પાછળ છોડી રહ્યું છે. યુવાનો પર ભારતના મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા) ની ટિપ્પણીઓના જવાબમાં આક્રોશ, કટાક્ષ અને ઓનલાઈન રમૂજમાંથી જન્મેલા મીમ-આધારિત વ્યંગ્યાત્મક રાજકીય આંદોલન ‘કોકરોચ જનતા પાર્ટી’ (CJP) એ માત્ર પાંચ દિવસમાં ૧.૫ મિલિયન (૧.૫ કરોડ) થી વધુ ફોલોઅર્સનો આંકડો વટાવી દીધો છે, અને આ પ્લેટફોર્મ પર ભાજપ (BJP) ને મોટા માર્જિનથી પાછળ છોડી દીધો છે.

...અનુસંધાન પાના 15 પર




### સોશિયલ મીડિયા ફોલોઅર્સની સરખામણી

- CJP (કોકરોચ જનતા પાર્ટી): ૧.૫૬ કરોડ (૧૫.૬ મિલિયન) – માત્ર ૫ દિવસમાં!
- કોંગ્રેસ (સત્તાવાર એકાઉન્ટ): ૧.૩૩ કરોડ (૧૩.૩ મિલિયન)
- BJP (સત્તાવાર એકાઉન્ટ): ૮૭ લાખ (૮.૭ મિલિયન)

### ‘કોકરોચ જનતા પાર્ટી’ નામ માટે ત્રણ ટ્રેડમાર્ક અરજીઓ દાખલ થઇ

**નવી દિલ્હી.** સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે, ‘કોકરોચ જનતા પાર્ટી’ નામ પર અધિકારો મેળવવા માટે ત્રણ અલગ-અલગ ટ્રેડમાર્ક અરજીઓ દાખલ કરવામાં આવી છે. ઓછા જાણીતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી આ ફાઇલિંગ્સ એવા સમયે આવી છે જ્યારે ‘કોકરોચ જનતા પાર્ટી’ નામની એક વ્યંગાત્મક રાજકીય સંસ્થા તરફ લોકોનું ધ્યાન સતત વધી રહ્યું છે, જેણે પોતાની ઓનલાઇન ટિપ્પણીઓ અને ડિજિટલ હાજરીને કારણે લોન્ચ થયાના

...અનુસંધાન પાના 15 પર

## કોક્રોચ જનતા પાર્ટીનું એક્સ એકાઉન્ટ બ્લોક કરી દેવાયું

**થોડા** જ સમયમાં નવું એકાઉન્ટ આવી ગયું

**‘કોકરોચ** ઇઝ બેક’ નામથી નવું એકાઉન્ટ શરૂ: નવા એકાઉન્ટના પણ ટૂંક સમયમાં જ ૩૯૦૦૦થી વધુ ફોલોઅર્સ થઇ ગયા

**નવી દિલ્હી, તા. 21 (PTI):** ગયા અઠવાડિયે અસ્તિત્વમાં આવેલા અને સોશિયલ મીડિયા પર ધૂમ મચાવનારા વ્યંગાત્મક ડિજિટલ સંગઠન ‘કોકરોચ જનતા પાર્ટી’ના એક્સ (X) એકાઉન્ટને ગુરુવારે ભારતમાં અટકાવી દેવાયું હતું. તે પછી તરત જ, ‘કોકરોચ ઈઝ બેક’ નામનું બીજું હેન્ડલ સામે આવ્યું, જેની ટેગલાઈન હતી ‘કોકરોચીસ ડોન્ટ ડાય’ (વંદા મરતા નથી).

ગઈકાલે એકાઉન્ટ હેક કરવાના પ્રયાસો થયા હોવાથી આ પગલાંની અપેક્ષા હતી જ. પરંતુ આ સરકારનો સેલ્ફ-ગોલ છે, તેમ આ સંગઠનના સંસ્થાપક અભિજીત દીપકે પીટીઆઈને જણાવ્યું હતું. દીપકે ઉમેર્યું કે, મેં હવે એક્સ પર ‘કોકરોચ ઈઝ બેક’ નામથી નવું એકાઉન્ટ શરૂ કર્યું છે. તેમણે જણાવ્યું કે તેમની ટીમ આ મામલે કાયદાકીય લડત આપશે.

ગુરુવારે સાંજે લગભગ ૬ વાગ્યા સુધીમાં, શરૂ થયાના ગણતરીના કલાકોમાં જ ‘કોકરોચ ઈઝ બેક’ એક્સ હેન્ડલના ૩૯,૦૦૦થી વધુ ફોલોઅર્સ થઈ ગયા હતા.

...અનુસંધાન પાના 15 પર

### કોણ છે કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે?

**નવી દિલ્હી.** સોશિયલ મીડિયાની દુનિયામાં આજકાલ એક નવું નામ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે- ‘કોકરોચ જનતા પાર્ટી’ એટલે કે સીજેપી. ઇન્સ્ટાગ્રામ પર શરૂ થયેલું આ વ્યંગ્યાત્મક અને મીમ-આધારિત ડિજિટલ અભિયાન જોતજોતાંમાં કરોડો યુવાનો સુધી પહોંચી ગયું છે. બેરોજગારી, સિસ્ટમ પર કટાક્ષ, રાજનીતિ પર વ્યંગ્ય અને યુવાનોની ભાષામાં તૈયાર કરવામાં આવેલા કન્ટેન્ટે સીજેપીને ઇન્ટરનેટ પર ચર્ચાનો મોટો વિષય બનાવી દીધો છે.

...અનુસંધાન પાના 15 પર

**૪૭.૬ ડિગ્રી સાથે યુપીનો બાંદા જિલ્લો દેશમાં સૌથી ગરમ, દુનિયામાં ત્રીજા ક્રમે!**

# ભારે ગરમીમાં શેકાયું ભારત: ૧૬ શહેરોમાં પારો ૪૬ ડીગ્રીને પાર

**બાંદામાં** તાપમાન સહેજ ઘટ્યું છતાં તે દેશમાં સૌથી ગરમ શહેર, ૨૦મીએ તે વિશ્વમાં ત્રીજા ક્રમનું ગરમ સ્થળ રહ્યું

**યુપીના** બલરામપુરમાં એક શાળામાં ૮ વિદ્યાર્થિનીઓ બેભાન થઇ ગઇ, રાજધાની દિલ્હીમાં પણ ૪૫ ડીગ્રી સાથે ગરમીનો પ્રકોપ ચાલુ

**નવી દિલ્હી, તા. 21 :** ગુરુવારે ભારતના અનેક રાજ્યો ભારે ગરમીમાં શેકાયા હતા, જેમાં ઉત્તર પ્રદેશનો બાંદા જિલ્લો ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ફરી એકવાર દેશનું સૌથી ગરમ સ્થળ રહ્યો હતો. જ્યારે કે દેશના ૧૬ શહેરોમાં તાપમાન ૪૬ ડીગ્રી સેલ્સિયસ કરતા વધારે રહ્યું હતું.

આઈએમડીના જણાવ્યા અનુસાર, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને તેને અડીને આવેલા ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પંજાબ અને મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં હીટ વેવથી લઈને ગંભીર હીટ વેવની સ્થિતિ પ્રવર્તી રહી હતી. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં તીવ્ર ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો હતો અને તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું.

25 મેથી નૌતપાના દિવસો શરૂ થઈ રહ્યા છે, પરંતુ તે પહેલાં જ તાપમાન 48C સુધી પહોંચી ગયું છે.

...અનુસંધાન પાના 15 પર

### દેશમાં બાંદા જ સૌથી ગરમ કેમ?

બાંદા એગ્રીકલ્ચર યુનિવર્સિટીના હવામાન વૈજ્ઞાનિક ડો. દિનેશના જણાવ્યા મુજબ, દેશમાં બાંદામાં સૌથી વધુ તાપમાન હોવા પાછળનું ખાસ કારણ તેનું કર્કવૃત્તની નજીક હોવું છે. આ સિવાય સીધો

...અનુસંધાન પાના 15 પર

# પશ્ચિમ બંગાળમાં તમામ મદ્રેસાઓમાં ‘વંદે માતરમ’ ફરજિયાત કરાતા વિવાદ

**સરકારના** નિર્ણયથી ભારે રાજકીય વિવાદ

**શાસક** પક્ષે તેને શૈક્ષણિક સમાનતા ગણાવી છે, જ્યારે વિપક્ષે તેને બહુત્વવાદી માળખા પર આઘાત અને મનસ્વી એજન્ડા ગણાવ્યો

**કોલકાતા, તા. 21 (PTI).** પશ્ચિમ બંગાળ સરકારે તમામ મદ્રેસાઓમાં ‘વંદે માતરમ’ ગાવાનું ફરજિયાત બનાવવાનો આદેશ આપ્યો છે, જેના કારણે ગુરુવારે રાજકીય ઘમસાણ શરૂ થયું હતું અને રાજ્યના બદલાતા શૈક્ષણિક પરિદૃશ્ય પરની ચર્ચા તેજ બની છે.

રાજ્ય વહીવટીતંત્રે આ પગલાંને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાર્થનાસભાની પદ્ધતિઓમાં સમાનતા લાવવાના પ્રયાસ તરીકે રજૂ કર્યું છે, જ્યારે વિરોધ પક્ષોએ શાસક સરકાર પર એક મનસ્વી એજન્ડા થોપવાનો આરોપ લગાવ્યો છે, જેનાથી રાજ્યના બહુત્વવાદી માળખાને નુકસાન પહોંચવાનો ખતરો છે.

ડિરેક્ટોરેટ ઓફ મદ્રેસા એજ્યુકેશન દ્વારા બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર જાહેરનામા અનુસાર, સુવેન્દુ અધિકારીની આગેવાની હેઠળની સરકારે તમામ મદ્રેસાઓમાં પ્રાર્થનાસભા દરમિયાન ‘વંદે માતરમ’ ગાવાનું તાત્કાલિક અસરથી ફરજિયાત બનાવ્યું છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર, આ નિર્દેશ લઘુમતી બાબતો અને મદ્રેસા શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત સરકારી મોડેલ મદ્રેસાઓ, સરકારી અનુદાનિત (એઈડેડ) મદ્રેસાઓ, માન્યતા પ્રાપ્ત શિશુ શિક્ષા કેન્દ્રો અને માધ્યમિક શિક્ષા કેન્દ્રો, તેમજ માન્યતા પ્રાપ્ત બિન-અનુદાનિત (અનએઈડેડ) મદ્રેસાઓને લાગુ પડશે. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે, “વર્ગો શરૂ થતાં પહેલાં પ્રાર્થનાસભા દરમિયાન ‘વંદે માતરમ’ ગાવું આથી ફરજિયાત કરવામાં આવે છે.”

...અનુસંધાન પાના 15 પર